# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી

જિલ્લા સેવા સદન,જૂની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ,નાનપુરા,સુરત -૩૯૫૦૦૧

ફોન:૦૨૬૧-૨૪૫૦૬૯૮ e-mail: d.dirsurat@gmail.com


નં.જિનાની/વિજા/શિષ્યવૃત્તિ/૨૪-૨૫/૫૨૩ તારીખ: ૧૮/03/૨૦૨૫

પ્રતિ,

આચાર્ય શ્રી

તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચતર પ્રાથમિક/માધ્યમિક શાળાઓ

તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર ITI/કૉલેજો/સંસ્થા

જિલ્લો-સુરત

વિષય:- પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ તથા PM YASASVI યોજના બાબત.

સંદર્ભ :- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર નો પત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/૨૦૨૪-૨૫/૪૧૩, તા.૧૩/03/૨૦૨૫

ઉપરોકત વિષય અને સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના Development Monitoring and Evaluation Office નીતિ આયોગ, દિલ્હી દ્વારા Social Inclusion Law & Order and Justice Delivery હેઠળ ૧૬ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું મૂલ્યાંકન દર પાંચ વર્ષના અંતે કરવામાં આવે છે. જે સંદર્ભે Development Monitoring and Evaluation Office ધ્વારા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું મુલ્યાંકન અભ્યાસ માટે M/s IPSOS Research Private Limited (With a Consortium with M/s KPMG Advisory Services Private Limited)ની એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે.

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ધ્વારા અમલિત ભારત સરકારની કેન્દ્રપુરસ્કૃત (૧) PM YASASVI PRE METRIC For OBC, EBC, DNTS Students (2) PM YASASVI POST METRIC For OBC, EBC, DNTS Students તથા (3) PM YASASVI TOP CLASS Education in School For OBC, EBC, DNTS Students યોજનાનો સમાવેશ આ મુલ્યાંકન અભ્યાસ માટે કરવામાં આવેલ છે. જેથી અત્રેના જિલ્લામાં તા.૨૦/03/૨૦૨૫ થી તા.03/૦૫/૨૦૨૫ સુધી Technical Consultant ટીમ ધ્વારા શાળા/સંસ્થા/કોલેજો યોજનાના લાભાર્થીઓ અને યોજના અમલીકરણ સાથે સંકળાયેલ કચેરીઓની ફિલ્ડ Visit લેવામાં આવનાર છે. જેથી જિલ્લામાં ઉક્ત યોજનાના સંદર્ભે શાળા/સંસ્થા/કોલેજ/ITI કક્ષાએ તેમજ કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડ પુરું પાડવા તેમજ તેઓને આ સમગ્ર મુલ્યાંકન અભ્યાસ માટે જરૂરી મદદ પૂરી પાડવા જણાવવામાં આવે છે.

જિલ્લા નાયબ નિયામક

વિકસતી જાતિ, સુરત

નકલ સવિનય રવાના:-

(૧) માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન-૨, સુરત તરફ જાણ તથા આપના તાબા હેઠળની શાળા/કોલેજ/સંસ્થાઓને જાણ કરવા અને વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ

(૩) કુલ સચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા યુનિવર્સિટીના તમામ વિભાગો તેમજ તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૪) કુલ સચિવશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૫) કુલ સચિવશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સિટી, બારડોલી તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૬) કુલ સચિવશ્રી, પી.પી.સવાણી યુનિવર્સિટી, ધામળોદ, કોસંબા તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૭) કુલ સચિવશ્રી, સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૮) કુલ સચિવશ્રી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ તરફ જાણ તથા તાબા હેઠળની તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૯) કુલ સચિવશ્રી, ઓરો યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા તાબા હેઠળની તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.

(૧૦) પ્રાદેશિક નાયબ નિયામક (તાલીમ), B – બ્લોક, બહુમાળી ભવન, સુરત તરફ જાણ તથા તાબા હેઠળની તમામ ITI ને જરૂરી સૂચના આપવા સારૂ.